ડી.સી.બી. પો.સ્ટે માં દાખલ થયેલ અપહરણ કરી ખંડણીના ગુન્હાઓમાં તથા ડિંડોલી પો.સ્ટે.ના આર્મ્સ એકટના ગુન્હામાં નાસતા-ફરતા આરોપીની ધરપકડ કરતી, સુરત શહેર ક્રાઈમ બ્રાંચ.

સુરત શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ક્રાઈમ બ્રાંચના પો.સ.ઈ. શ્રી ટી.એ. ગઢવી ટીમના અ.હે.કોન્સ. નિતેશ તનસુખભાઇ તથા અ.પો.કો. હિંમતભાઇ ખીમાભાઇનાઓને શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોધાયેલ અપહરણ તથા ખંડણીના બે ગુન્હાઓમાં નાસતો-ફરતો આરોપી જે ટામેટા ગેંગનો સાગરીત છે તેમજ ડીડોલી પોલીસ સ્ટેશન આર્મ્સ એકટના ગુન્હામાં પણ નાસતો-ફરતો હોય તે આરોપી અનુરાગસીંગ ઉર્ફે અજય s/o જીતેન્દ્રસીંગ રાજપુત ઉ.વ.૨૨ ધંધો. ટ્રાન્સપોર્ટનો રહે, ઘર નં.૧૩૬, શીવનાથ ત્રીપાઠીના મકાનમાં, વિજયનગર, ઈન્દોર.(એમ.પી) મુળ રહે. રયાગામ, થાના-ભદોઇ, જી-ભદોઇ (યુ.પી) નાઓને ઝડપી પાડી, સદર આરોપી અગાઉ ઉધના તથા ડિંડોલી પો.સ્ટે.ના મારા મારીના ગુન્હામાં પકડાયેલ છે. જે નીચે મુજબના ગુન્હઓનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

આરોપી નીચે મુજબના ગુન્હાઓમા નાસતો ફરતો છે.

(૧) ડી.સી.બી પો.સ્ટે.I ગુ.ર.નં.૧૪/૨૦૧૯ ઈ.પી.કો.કલમ.૩૬૪(ક),૩૮૭,૧૨૦(બી)મુજબ(૨) ડી.સી.બી. પો.સ્ટે. I ગુ.ર.નં.૧૫/૨૦૧૯ ઈ.પી.કો.કલમ.૩૬૪(ક),૩૮૭,૩૨૩,૧૨૦(બી)મુજબ(૩) ડીડોલી પો.સ્ટે. II ગુ.ર.નં.૮૨૬/૨૦૧૯ ધ આર્મસ એકટ ૨૫(૧)(૧-એ),૨૯ મુજબ.